ગાંધીનગર સમાચાર

**સે-૧૭ પ્રાથમિક શાળાને બંધ કરવાનો નિર્ણય**

# દુર્ઘટનાઓ અને ૨૬મી તારીખનો અનોખો સંયોગ

## વિશ્વના મોટા ભુકંપ અને સુનામી ૨૬મીએ આવ્યા હોવાનું તારણ

ગાંધીનગર, તા. ૨૬

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની બોર્ડર પર આજે ભયંકર ભુકંપ આવ્યો. ભારતના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં તેની અસર અનુભવાઈ. ફરી પાછી ૨૬મી તારીખ અને વિશ્વમાં સર્જાયેલી મોટી દુર્ઘટનાઓની ચર્ચા ઠેર ઠેર થવા માંડી. ગુજરાતમાં ૨૬મી જાન્યુઆરીએ આવેલો ભયાનક ભૂકંપ હોય કે મુંબઈ પર થયેલો આતંકવાદી હૂમલો, આ બધી જ ઘટનાઓમાં ૨૬મી તારીખનો સંયોગ જોવા મળતા વિવિધ પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે.



વિશ્વમાં સર્જાયેલી ભુકંપ, સુનામી સહિતની મોટી દુર્ઘટનાઓ અને ૨૬મી તારીખનો સંયોગ અનોખો રહ્યો છે. અન્ય દિવસોમાં પણ આવી ઘટનાઓ બની છે. પરંતુ ૨૬મી તારીખે બનેલી દુર્ઘટનાઓએ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભૂકંપના આંચકાથી શહેરમાં ફફડાટ

ગાંધીનગર, તા ૨૬

આજે બપોરે ધરતીકંપના આંચકાથી ગાંધીનગરની ધરા ધ્રુજી ઉઠી હતી. ૨ ૪૫ કલાકના અરસામાં હળવી તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. પશ્ચિમ એશિયાના પાકીસ્તાન અને અફઘાનીસ્તાનના સરહદી વિસ્તારમાં ૭.૭ની તિવ્રતાનો ધરતીકંપ આવતા પાકીસ્તાન સહીત ઉત્તર ભારતના વિસ્તારમાં ભુકંપના ઝાટકા અનુભવાયા હતા. સમગ્ર દેશમાં ભૂકંપના આંચકાની અસર વર્તાઇ હતી.જયારે ગુજરાતમાં પણ ધરા ધ્રજી હતી. ગાંધીનગર અને અમદાવાદ સહિતના શહેરમાં નાગરિકોએ ધરતી ધ્રુજતી અનુભવી હતી.ધરતીકંપના હળવા આંચકાની અસરથી નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો હતો. ગાંધીનગરના હાઇરાઇઝ બિલ્ડીંગોમાં ધરતીકંપના આંચકાની અસર અનુભવી હતી.સચિવાલયના હાઇરાઇઝ બિલ્ડીંગમાં પણ ધરતીકંપના આંચકાથી કર્મચારીગણમાં દોડધામ મચી જવા પામી હતી. કર્મચારીઓ પણ થોડીવાર માટે કચેરી છોડીને નીચે ઉતરી ગયા હતા.જયારે સે-૧૧ સ્થિત સુમન ટાવર ,મેઘમલ્હાર કોમ્પલેક્ષ,અને અભિષેક સહીતના હાઇરાઇઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઇ હતી.જેના લીધે વેપારીઓ અને મુલાકાતીઓમાં પણ બેઘડી ભયનો માહોલ સર્જાયો હતો.ધરતીકંપના લીધે કોર્મશિયલ કોમ્પલેક્ષમાંથી વેપારીઓ ભયભીત થઈ બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના સમાચાર વાયુવેગે પ્રસરતા કુતુહલ અને ઉત્તેજના સાથે તરેહ તરેહની ચર્ચાએ જોર પકડયુ હતું.નવા ગાંધીનગરના વિસ્તારમાં પણ હાઇરાઇઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઇ હતી જેના લીધે બે ઘડી ભયનો માહોલ સર્જાયો હતો.

**શહેરના હાઈરાઈઝ બિલ્ડીંગો ધ્રુજ્યા : બે ઘડી માટે નાસભાગ મચી જવા પામી : હળવા આંચકાથી નગરજનો ભયભીત**



સરહદી વિસ્તારમાં આજે અચાનક ધરતીકંપનો તિવ્ર આંચકો આવ્યો હતો.અંદાજિત ૭.૭ ની તિવ્રતાનો ધરતીકંપ આવતા દેશના મોટાભાગના શહેરોમાં ધરતીકંપની અસર વર્તાઇ હતી. ઉત્તર ભારત સહીતના ગુજરાત સહીતના રાજયોમાં ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો.ગાંધીનગર અને અમદાવાદમાં પણ ધરતીકંપના આંચકાની અસર વર્તાઇ હતી. શહેરોમાં હાઇરાઇઝ બિલ્ડીંગોમાં આંચકો વિશેષ અનુભવાયો હોવાથી ખાસ કરીને કર્મચારીઓ વેપારીઓ, મુલાકાતીઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના કાઉન્સીલરોનો રોષ સાતમા આસમાને

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાના સદસ્યોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટના કરોડો રૂ. વણ વપરાયેલા રહેતાં આજે મનપાના અધિકારીઓ અને કાઉન્સીલરો વચ્ચે એક બેઠક યોજાઈ હતી.

કરોડો રૂ.ના કામો હાથ નહિ ધરવામાં આવતાં સભ્યોએ રોષની લાગણી વ્યક્ત કરી હતી. કમિશનરશ્રી ચૌધરીએ સભ્યોના રોષને પારખી જઈ આગામી દિવસોમાં આ કામો ઝડપથી હાથ ધરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. તેમણે આ માટે જરૂરી તમામ વહીવટીય કામગીરી પણ ટુંકમાં જ પૂર્ણ કરી દેવાની પણ ખાત્રી આપી સભ્યોના રોષને ઠંડો પાડવાનો પ્રયાસ કર્યો હતો.

**વહીવટીતંત્ર દ્વારા વિકાસના કામો અટકાવી દેવાયાનો રોષ વ્યક્ત કર્યો**

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૩-૧૪માં ૮,૮૧,૫૬૨૨ના કામો હાથ ધરી શકાયા ન હતા. તો ૨૦૧૪-૧૫માં ૧૭,૯૭૯,૨૬૭ લાખના કામો હાથ ધરી શકાયા ન હતા. તો ૨૦૧૫-૧૬માં આ રકમ ૧ કરોડ ૬૦ લાખ ૧૨ હજાર નવસો ત્રેપન જેટલી થવા જાય છે.

આમ ત્રણ-ત્રણ વર્ષથી સમયસર ટેન્ડર પ્રક્રિયા હાથ ન ધરાતાં સભ્યોના કામ નહિ થતા હોવાને લઈ વિપક્ષી નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, સ્ટેન્ડીંગ

● અનુસંધાન પાન-૭ પર



દિપાવલીનું કાઉન્ટ-ડાઉન : નવરાત્રિના ગરબાનો માહોલ હજુ જળવાયો જ છે ત્યાં જ પ્રકાશ પર્વ દિપાવલીના આગમનના એંધાણ આ તસવીરમાં વર્તાય છે... ગાંધીનગર આસપાસના ગ્રામીણ વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં દિવડાઓ તૈયાર થઈ રહ્યા છે... ફેન્સી દિવડાઓની સામે આજે પણ ગ્રામીણ ગૃહઉદ્યોગમાં તૈયાર થતા દિવડાઓ ટક્કર લઈ રહ્યા છે... ઘર-ઘર દિવડા પ્રગટાય અને પ્રકાશ પર્વનો મહિમા સમજાય એવી આ દિવડાના જીવતરનો હેતુ છે... તમસોમા જ્યોર્તિગમય... મંત્રને ચરિતાર્થ કરવા જીવનને જન્મ આપે છે અને જીવતરને યથાર્થ કરે છે એવા આ દિવડાને સૌ લાગણીપૂર્વક વધાવીએ...

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે ગરબા મહોત્સવ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે પ્રથમ ગરબા મહોત્સવ સે.૧૬ના રંગમંચ ખાતે યોજાશે.

મહાનગરપાલિકા દ્વારા ગરબા સ્પર્ધામાં વિજેતા બનનાર ટીમને પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવશે. આજે આ અંગેની તૈયારીઓની તંત્રના અધિકારીઓએ સમીક્ષા પણ કરી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા 'શરદપૂનમ'ની રાત્રે સેક્ટર-૧૬ રંગમંચ ખાતે 'ગરબા'ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. મહાનગર પાલિકા દ્વારા આયોજીત સ્પર્ધામાં ગાંધીનગર શહેરના ગ્રુપોને ભાગ લેવા માટે આમંત્રણ પાઠવ્યુ છે.

મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત રંગમંચ સેક્ટર-૧૬માં શરદપૂનમની રાત્રે ગરબા સ્પર્ધાનું આયોજન કરી ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિને વેગ મળે અને લોકોમાં રહેતી કલાને પ્રોત્સાહન મળે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગરબા સ્પર્ધાનો લાભ લેવા જાહેર જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગાંધીનગરના વિવિધ ગ્રુપને તેમની કલા પ્રદર્શનને પ્રોત્સાહિત કરવા ગાંધીનગર મહાનગર પાલિકાએ ગાંધીનગરની કલારસિક જનતાને ઉપસ્થિત રહેવા ખાસ અપીલ કરી છે.

# શહેરી વિસ્તારના ગામોમાં સેકટરોની જેમ પેવર બ્લોકની યોજના અમલી બનાવવા વિચારણા

ગાંધીનગર તા ૨૬

શહેરી વિસ્તારના ગામોમાં પણ પેવર બ્લોકની યોજના અમલી બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરી વિસ્તારના વિવિધ સાત ગામોમાં પેવર બ્લોકનુ કામ હાથ ધરવા તંત્ર કક્ષાએથી જરૂરી મંજુરી માટે પણ પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. જયારે શહેરી ગામોના મંદીરો તેમજ કોમન ખુલ્લી જગ્યામાં પેવર બ્લોકની કામગીરી હાથ ધરવા પ્લાનીંગ કરવામાં આવી રહયુ છે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તરોમાં ગંદકીની સમસ્યા હલ થશે.

**શહેરી વિસ્તારના સાત ગામોમાં મંદિર તેમજ કોમન ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક ફીટ કરાશે**

કોર્પોરેશન વિસ્તારમાં પેવર બ્લોકની યોજના હાથ ધરવામાં આવી છે જેના લીધે સેકટરોમાં કોમન પ્લોટ અને રહીશોના ઘરઆંગણે પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ છે. સેકટરોમાં હજુ પણ આ યોજના અન્વયે કામ ચાલી રહયુ છે. જેમાં આમ નાગરિકોની પાર્ટનરશીપ અને કોર્પોરેશનના સહયોગથી પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ છે. આ યોજનાનો મોટાભાગના સેકટરવાસીઓએ લાભ લીધો છે. જયારે શહેરી વિસ્તારના ગામો વર્ષોથી વિકાસ વિહોણાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તાના જરૂરી સુવિધાના કામોના હજુ ઠેકાણાં પડયા નથી. ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાના કામો પ્રત્યે તંત્ર દ્વારા સતત દુર્લક્ષ્ય સેવાતા સ્થાનિક ગ્રામજનોમાં રોષ પ્રવર્તયો છે. આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. ત્યારે કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના સાત ગામોમાં પેવર બ્લોકની યોજના શરૂ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે આ મામલે તંત્રને જરૂરી મંજુરી આપવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. શહેરી વિસ્તારના ગામોમાં ટોપોગ્રાફીના લીધી પાણી ગટરને લગતી સમસ્યાઓ પેચીદી બની છે. ત્યારે ગંદકીની સમસ્યા પણ હઠીલી બનતા ગ્રામજનો દુવિધા વચ્ચે મુશ્કેલી વેઠી રહયા છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ સેકટરોની જેમ પેવર બ્લોકની યોજનાનો લાભ મળે તે માટે ટુંકમાં કાર્યયોજના તૈયાર કરી દેવાશે.

# સે-૧૭ પ્રાથમિક શાળાને બંધ કરવાનો નિર્ણય

## માત્ર ૧૨ જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા : આ પ્રાથમિક શાળાને સે-૨૨ શાળામાં મર્જ કરી દેવામાં આવી

ગાંધીનગર તા ૨૬

શહેરમાં સે-૧૭ની સરકારી પ્રાથમિક શાળા બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સેકટરની આ પ્રાથમિક શાળામાં માત્ર ૧૨ જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી આ શાળાને બંધ કરી દેવાનો નિર્ણય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. જયારે આ શાળામાં ૩ શિક્ષકોની પણ અન્ય ઠેકાણે બદલી કરી દેવામાં આવી છે. જયારે શાળામાં અભ્યાસ કરતા ૧૨ વિદ્યાર્થીઓને સે-૨૨ની સરકારી શાળામાં અભ્યાસ માટે મુકી દેવામાં આવ્યા છે.

શહેરમાં સરકારી શાળાઓના પરિણામની ટકાવારી શિક્ષણ તંત્ર માટે ચિંતાજનક બની છે. ત્યારે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ પ્રતિવર્ષ ઘટાડો થઇ રહયો છે. આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ખાનગી શાળાઓની સાથે ડે કેર સ્કુલનો ટ્રેન્ડ વધુ મજબુત બન્યો છે. ત્યારે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાના લીધે શાળાઓમાં પુરતી સંખ્યા પણ જોવા મળતી નથી. ગત દિવસોમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા નગરની ચાર શાળાઓ મર્જ કરી દેવામાં આવી હતી. જયારે હાલ સે-૧૭ની સરકારી પ્રાથમિક શાળાને પણ સે-૨૨ સરકરી શાળામાં મર્જ કરી દેવામાં આવી છે.સે-૧૭ પ્રાથમિક શાળામાં માત્ર ૧૨ જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા આ વિદ્યાર્થીઓને સે-૨૨ શાળામાં મોકલી દેવામાં આવ્યા છે. જયારે શાળાના ૩ શિક્ષકોને બદલી કરી અન્ય શાળાઓમાં ફરજ સોંપવામાં આવી છે. આ શાળામાં વિદ્યાર્થીઓની પાંખી સંખ્યાને ધ્યાને લઇ ગત વર્ષ દરમિયાન પણ મર્જ કરી દેવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તૈયારીઓની પંચ દ્વારા સમીક્ષા

## ૧૫ મુદ્દાની માર્ગદર્શિકા જણાવી, મનપામાં ઈ-વોટીંગ માટેની તૈયારીઓ ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું



ગાંધીનગર, તા.૨૬

રાજય ચૂંટણી પંચે આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગેની ઘોષણા બાદ આજે રાજય કલેકટરો અને છ મહાનગરપાલિકાના કમિશ્નરો સાથે વીડીયો કોન્ફરન્સ કરી ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

છ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ પ્રથમ તબક્કામાં યોજાનાર હોઈ ત્યાં ઈ વોટીંગ માટેની તૈયારીઓની સમીક્ષા પર પંચે વધુ ભાર મુકયો હતો. આ ઉપરાંત મહાનગરપાલિકાઓની ચૂંટણી માટેના બુથોની ચકાસણી પણ ઝડપથી પૂર્ણ કરી અને તેનો અહેવાલ તાત્કાલિક મોકલી આપવા જણાવ્યું હતું.

પંચાયતોની ચૂંટણી માટે પણ પંચ દ્વારા સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. ૧૫થી પણ વધુ બાબતોને લઈ આ સમીક્ષા હાથ ધરાઈ હોવાથી બે કલાકથી પણ વધુ સમય આ વિડીયો કોન્ફરન્સ ચાલી હતી.

પંચે આજે આર.ઓ. અને એ.આર.ઓ. તરીકે જેમની નિયુકતી થઈ છે તેમની બદલી નહિ કરવા ઉપરાંત ચૂંટણી પ્રક્રિયાના મોનીટરીંગ માટે ખાસ કંટ્રોલરૂમ ઉભો કરવાની પણ તંત્રના અધિકારીઓને તાકીદ કરી હતી.

મતદારયાદી અને મતદાન મથકોની ચકાસણી સમય મર્યાદામાં પૂર્ણ કરવા, ઈવીએમની

● અનુસંધાન પાન-૭ પર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com